# મોંઘવારી મુદ્દે સોશ્યલ મીડિયા પર મચ્યું ધમાસણ

## ભાજપનું આશાભર્યું સૂત્ર 'અચ્છે દિન આનેવાલે હૈ' હવે કટાક્ષનો પર્યાય બન્યુ : સામસામી ચર્ચાઓમાં ભાજપના નેતાઓ જવાબો વાળવામાં વ્યસ્ત બન્યા

ગાંધીનગર, તા. ૨૪

લો આપ તો કહેતે થે ના 'અચ્છે દિન આને વાલે હૈ' પણ આ તમારી ભાજપ સરકારે તો મોંઘવારી ઘટાડવાને બદલે વધારવાના કારસા ચાલુ કરી દીધા છે. અરે હજી મોદીજીની સરકારને માત્ર પચ્ચીસ જ દિવસ થયા છે. કોંગ્રેસના કુલ ૪૭ વર્ષ અને ૪૮ દિવસના સાશન સામે માત્ર ૨૫ દિવસમાં તમે સરખામણી કરવા લાગ્યા ? ફળ ખાવું છે તો પહેલા વૃક્ષને ઉગવા તો દો... બસ અત્યારે સોશ્યલ મીડિયા પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ભક્તો અને વિરોધીઓ વચ્ચે આવા વાર્તાલાપ સામાન્ય થઈ ગયા છે. જે સોશ્યલ મીડિયાના સહારે નરેન્દ્ર મોદીએ ચુનાવી વૈતરણી પાર કરી છે તેના પર હવે મોંઘવારીથી લઈને ઈરાકમાં ભારતીયોની સલામતી જેવા મુદ્દે ધમાસણ ચાલી રહ્યું છે અને એ જ સોશ્યલ મીડિયા હવે મોદીને સવાલો પણ કરી રહ્યું છે.

જે પોષતું તે મારતુ ક્રમ દીસે છે... ગત લોકસભાની સામાન્ય ચૂંટણીઓમાં ભાજપ માટે 'અચ્છે દિન' લાવવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવનાર સોશ્યલ મીડિયા હવે મોંઘવારી અને દેશની સુરક્ષા મામલે પ્રશ્નો ઉભા કરી રહ્યું છે. વિવિધ કાર્ટૂન્સ, કેપ્શન્સ અને વન લાઈનર્સ સાથે જોક્સ ઉપર જોક્સ કહેવાઈ રહ્યા છે અને ભાજપના ચૂંટણી કેમ્પેઈનનું આશાભર્યુ સૂત્ર 'અચ્છે દિન આનેવાલે હૈ' હવે કટાક્ષના રૂપે રજૂ થઈ રહ્યું છે. મોદી સરકાર બનાવવા જે લોકો ધડાધડ મેસેજ શેર કરતા હતા તેઓ હવે મોંઘવારી બાબતે કટાક્ષ પણ કરવા લાગી ગયા છે.




જો કે સોશ્યલ મીડિયામાં મોદી ટીમનું પ્રભુત્વ હજુ પણ અકબંધ છે અને ભાજપના આગેવાનો સહિત સાયબર સેના પણ આ સવાલોના પ્રતિભાવ સતત આપી રહી છે. આ કારણે સોશ્યલ મીડિયા પર અત્યારે જાણે ધમાસણ મચ્યું હોય તેવો માહોલ જોવા મળી રહ્યો છે. ફેસબુક, ટ્વીટર ઉપરાંત વોટસએપ પર રેલવેના ભાડા વધારાના કે ઈરાકમાં આતંકવાદીઓ પાસે ફસાયેલા ભારતીયોના મામલે વિવિધ કાર્ટૂન અને જોક્સ ફરતાં થયા છે તો સામે પક્ષે ભાજપના કાર્યકરો અને અગ્રણી નેતાઓ પણ તેના વળતા જવાબો આપવામાં 'બીઝી' થઈ ગયા છે. જે મનમોહનસિંહ માટે એમ કહેવાયુ હતુ કે તેઓ ચૂંટણી પછી ભુલાઈ જશે તેમજ ચૂંટણી પહેલા તેમને ખુબજ લાચાર અને 'મૌન' ચીતરવામાં આવ્યા હતા તે મનમોહનસિંહ હવે ફરીથી દેખાવા લાગ્યા છે અને મોદી સામે કટાક્ષભર્યુ સ્મિત વેરી રહ્યા છે. કોઈ કાર્ટૂનમાં પહેલા તેમને ગેસનો બાટલો ઉંચકતા દર્શાવાયા હતા તે હવે મોંઘવારીની ચૂડેલને મોદીની પાછળ પડવા બદલ મુશ્કુરાતા દેખાઈ રહ્યા છે.

નરેન્દ્ર મોદી ક્યારેક તો બહુ બોલકા બને છે અથવા જો બોલવુ નુકશાનકારક જણાય તે બાબતે સંપૂર્ણ ચૂપ્પી સાધી લેવાનું પસંદ કરે છે. અત્યારે તેમના ફેવરીટ સોશ્યલ મીડિયાના મેદાન પર તેમની વિરૂદ્ધ જબરદસ્ત બાઉન્સરો ફેંકાઈ રહ્યા છે તો હવે જોવાનું રસપ્રદ રહેશે કે તેઓ તેનો વળતો જવાબ કેવો આપે છે.

# ગાંધીનગર ખાતે રાજ્ય બેડમિંટન ચેમ્પિયનશિપ સ્પર્ધા ખુલ્લી મુકાઈ

## પ્રથમ વખત ઓલ કેટેગરી ટૂર્નામેન્ટનું આયોજન ૫૧૯ જેટલા સ્ત્રી-પુરુષ ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરમાં દસ વર્ષના લાંબા સમય પછી આ વર્ષની ૨૦૧૪ની



પ્રથમ ગુજરાત રાજ્ય બેડમિંટન ચેમ્પિયનશિપનું આયોજન તા. ૨૪-૬ થી તા. ૨૯-૬-૨૦૧૪ દરમ્યાન સચિવાલય જીમખાના, સે. ૨૧ ખાતે કરવામાં આવેલ છે. આ ટૂર્નામેન્ટનું આયોજન ગુજરાત બેડમિંટન એસોસિયેશનના નેજા હેઠળ ગાંધીનગર અને અમદાવાદ જિલ્લા બેડમિંટન એસોસિયેશનના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવેલ છે. પ્રથમ વખત ઓલ કેટેગરી ટૂર્નામેન્ટ એક સાથે કરવામાં આવી રહી છે. જેમાં કુલ ૫૧૯ જેટલા સ્ત્રી-પુરૂષ ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે. આ ટૂર્નામેન્ટ માટે ૭૦૦ થી વધુ કેલાડીઓની એન્ટ્રી આવેલી છે.

આજરોજ આ ટૂર્નામેન્ટ સ્પર્ધાનું ઉદ્ઘાટન સવારે ૯.૩૦ કલાકે સચિવાલય જીમખાનાના આંતરરાષ્ટ્રીય કક્ષાના હોલમાં મુખ્ય મહેમાન યુવક-સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગના સચિવ અને માહિતી કમિશનર શ્રી ભાગ્યેશ જહા તેમજ ગાંધીનગર જિલ્લા કલેક્ટર શ્રી પી. સ્વરૂપના હસ્તે કરવામાં આવ્યું હતું.

સ્પર્ધાના પ્રથમ દિવસે ક્વોલિફાઈંગ રાઉન્ડની મેચો કુલ-૧૩૦ જેટલી રમાઈ હતી. જેમાં એક અગત્યની મેચમાં ગાંધીનગરના અભિનવ કશ્યપે ભાવિન બંસલને ૧૪-૧૫, ૧૫-૧૩, ૧૫-૧૩ થી હાર આપી હતી. આ સ્પર્ધામાં ગુજરાત રાજ્યના આંતરરાષ્ટ્રીય ખેલાડી અનુષ્કા પરીખ, વૈશાલી બારિયા, અંજલિ રાવત તથા પ્રિયાના પટેલ વગેરે પણ ભાગ લઈ રહ્યા છે. સ્પર્ધાના ચીફ રેફરી તરીકે શ્રી પી. સત્યાનારાયણ સેવા આપી રહ્યા છે. એક દિવસમાં ૪ કોર્ટમાં મળીને કુલ ૧૭૦ જેટલી સ્પર્ધાઓ રમાશે.

તા. ૨૪ જૂનથી તા. ૨૯ જૂન-૨૦૧૪ દરમ્યાન યોજાનાર આ સ્પર્ધા સવારના ૮.૦૦ થી ૯.૦૦ કલાક દરમ્યાન રમાશે.

# ઘરમાંથી ૧૮ તોલા સોનાના દાગીનાની ચોરી કરીને દીકરી ભાગી ગઈ...!!

## મધરાતે ઘરેથી ભાગી જઇને એસ.આર.પી. કોન્સ્ટેબલ યુવાન સાથે પ્રેમલગ્ન કરી લીધા : પિતાએ દીકરી સામે ચોરીની ફરિયાદ નોંધાવી

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરના સેક્ટર-૨૮ ના એક ફ્લેટમાં રહેતી યુવતી પોતાની માતાના સોનાના ૧૮ તોલા દાગીનાની ચોરી કરીને ઘરેથી અડધી રાત્રે ભાગી ગઈ હોવાની ચકચારી ઘટના બનવા પામી છે. સવારે ઉઠેલા પરિવારજનોએ દીકરી અને દાગીના બંને ન દેખાતા શોધખોળ શરુ કરી હતી. જો કે ત્યાર બાદ ખ્યાલ આવ્યો કે દીકરીએ એક યુવાન સાથે ભાગીને -મ લગ્ન કરી લીધા છે. સે-૨૧ પોલીસ મથકમાં જઈ પિતાએ દીકરી સામે ૫.૪૦ લાખના દાગીનાની ચોરી અંગે ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરીને ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

-ાપ્ત થતી વિગતો મુજબ ગાંધીનગર શહેરના સેક્ટર-૨૮ પંચરત્ન એપાર્ટમેન્ટ ખાતે રહેતા અશોકભાઈ દેસાઈની દીકરી ભૂમિ ૧૬ મી જુનના રોજ અડધી રાતે ઘરેથી ચાલી ગઈ હતી. સવારે ઉઠીને પરિવારે જોયું તો દીકરી ભૂમિ ગાયબ હતી અને માતાના સોનાના દાગીના પણ ગાયબ હતા. પરિવારજનોએ શોધખોળ શરુ કરી દરમિયાન ખબર પડી કે દીકરી જ માતાના રૂ.૫,૪૦,૦૦૦ની કિંમતના ૧૮ તોલા સોનાના દાગીનાની ચોરી કરીને ભાગી ગઈ છે. અગાઉ સચિવાલયમાં ફરજ બજાવી ચુકેલા એક એસ.આર.પી કોન્સ્ટેબલ યુવાન સાથે ભૂમિએ -મલગ્ન કરી લીધા હોવાનું જાણવા મળ્યું છે. ઘરેથી દાગીનાની ચોરી કરીને એસ.આર.પી કોન્સ્ટેબલ સાથે ભાગી જનાર દીકરી ભૂમિ સામે તેણીના પિતા અશોકભાઈએ ચોરીની ફરિયાદ આપતા સે-૨૧ પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ શરુ કરી છે.

# પીવાના પાણીની રજૂઆત માટે ટોલ ફ્રી હેલ્પલાઈનનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૪

કચ્છ, અમરેલી, સુરેન્દ્રનગર, જામનગર અને દ્વારકા જિલ્લાના ગ્રામ્યજનો પીવાના પાણીના -ની સરળતાથી રજુઆત કરી શકે અને તેનો સત્વરે નિકાલ થાય તે હેતુથી ટોલ ફ્રી ''હેલ્પલાઈન'' નો -ારંભ પાણી પુરવઠા મંત્રી શ્રી બાબુભાઈ બોખીરીયાના હસ્તે કરવામાં આવ્યો છે. પાણી પુરવઠા બોર્ડ દ્વારા શરૂ કરાયેલી આ હેલ્પલાઈનના -ારંભ -સંગે પાણી પુરવઠા રાજ્ય મંત્રી શ્રી ગોવિંદભાઈ પટેલ, પાણી પુરવઠા વિભાગના અગ્રસચિવ ડૉ. રાજીવકુમાર ગુપ્તા અને સભ્યસચિવ શ્રી મહેશસિંઘ ઉપસ્થિત રહ્યા હતા.

આ હેલ્પ લાઈનની સુવિધાની વિગતો આપતાં ડૉ. રાજીવકુમાર ગુપ્તાએ જણાવ્યું હતું કે, અઠવાડિયાના તમામ દિવસોએ સતત ચોવીસ કલાક કાર્યરત આ સેવાનો ટોલફ્રી નંબર - ૧૮૦૦ ૨૦૦ ૧૪૦૦ છે. અરજદાર જયારે પાણી અંગેની ફરિયાદ નોંધાવે ત્યારે તેના નોંધણી નંબર સાથેની માહિતી ફરિયાદીને એસએમએસ દ્વારા તરત જ મળી રહેશે. અને આ ફરિયાદ સંબંધિત વિસ્તારના બોર્ડના અધિકારીને તરત જ સ્વયંસંચાલિત પદ્ધતિથી મોકલી અપાશે અને અધિકારી ફરિયાદને નિકલ કરે કે તરત જ અરજદારને પણ જાણ કરવામાં આવશે.



ભયથી ભરેલી ટ્રક - કાયદાની એસીતેસી કરી માલવાહક ટ્રકો ભય સાથે માર્ગો પર દોડતી હોય છે... ગાંધીનગર કે જ્યાં કાયદા ઘડાટ અને કાયદાનો કડક અમલ થાય એવા તમામ બાબુઓ અહીં રહે છે છતાં ગાંધીનગરના જ માર્ગ પર લાકડાથી છલોછલ ટ્રક ક્યારે નમી પડશે ? ક્યારે પલ્ટી ખાશે ? એવી કોઈ ચિંતા વગર બેફિકરાઈથી દોડે છે... કોઈ તો આને રોકો, કોઈ તો આને ટોકો... અને અકસ્માત આમ જ થાય છે... પાછળ આવતા વાહનોની કે બાજુમાંથી પસાર થતા વાહનોની ચિંતા કર્યા સિવાય બેજવાબદારીથી દોડતી ટ્રકોને નાથવાનો સમય આવી પહોંચ્યો છે... (તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

# ગાંધીનગર રોટરી ક્લબને બેસ્ટ પ્રેસિડેન્ટ એવૉર્ડ સહિત આઠ એવૉર્ડ મળ્યા

## જાણીતા ઉદ્યોગપતિ રાહુલ મહેતાને રોટરીનો બેસ્ટ પ્રેસીડેન્ટ એવોર્ડ



ગાંધીનગર, તા. ૨૪

ગાંધીધામ ખાતે રોટરી ક્લબ દ્વારા તાજેતરમાં યોજાયેલ એક કાર્યક્રમમાં ગાંધીનગર રોટરી ક્લબને વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ બદલ આઠ પ્રતિષ્ઠિત એવોર્ડ પ્રાપ્ત થયા છે. ક્લબના પ્રમુખ રાહુલ મહેતાને 'બેસ્ટ પ્રેસિડન્ટ ઓફ ધી યર' નો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.

રોટરી ડિસ્ટ્રીક્ટ ૩૦૫૧ અંતર્ગત ગુજરાત અને રાજસ્થાનમાં કુલ ૬૩ ક્લબો આવેલી છે. ચાલુ વર્ષે ૨૦૧૩-૧૪ દરમ્યાન વિવિધ ક્લબો દ્વારા કરવામાં આવેલ ઉત્તમ સેવાકીય પ્રવૃત્તિઓ બદલ એવોર્ડ એનાયત કરવાનો કાર્યક્રમ તાજેતરમાં ગાંધીધામ, કચ્છ ખાતે યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં રોટરી ક્લબ ઓફ ગાંધીનગરના પ્રમુખ રાહુલ મહેતાને બેસ્ટ પ્રેસીડન્ટ ઓફ ધી યરનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત ક્લબની અન્ય ઉત્કૃષ્ટ સેવાઓ માટે બેસ્ટ કોમ્યુનિટી સર્વિસ, બેસ્ટ યુથ સર્વિસ પ્રોજેક્ટ, બેસ્ટ પબ્લીક રીલેશન પ્રોગ્રામ, રોટરી ઈન્ટરનેશનલ સાઈટેશન, ડીસ્ટ્રીક્ટ ગવર્નર ડાયમંડ સાઈટેશન, કમાન્ડેબલ પર્ફોર્મન્સ-પ્રેસીડન્ટ તથા કમાન્ડેબલ પર્ફોર્મન્સ-સેક્રેટરી જેવા વિવિધ કુલ-૮ એવોર્ડ આપવામાં આવ્યા છે. રોટરી ક્લબ ઓફ ગાંધીનગર છેલ્લા ૨૮ વર્ષથી નગરમાં વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ હાથ ધરે છે. અને સમાજ ઉપયોગી વિવિધ કાર્યક્રમો કરે છે. આ ઉપરાંત સેક્ટર-૨૨માં રાહતદરે ફીઝીયોથેરાપી સેન્ટર ચલાવે છે. ક્લબની સેવાકીય પ્રવૃત્તિઓમાં સહભાગી થનાર તમામનો રોટરી ક્લબે આભાર વ્યક્ત કર્યો છે.

## નોટીસ

સાંચા કામ સબબે તારીખ ૨૭-૬-૧૪, શુક્રવારના રોજ નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો સવારના ૯-૦૦ કલાકથી બપોરના ૫-૦૦ કલાક સુધી બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીફ બદલ ક્ષમા કરશો.

**૧. સેક્ટર-૩ડી સબસ્ટેશન**

સહી/-
ટોરેન્ટ પાવર લિમીટેડ

## નોટીસ

સાંચા કામ સબબે તારીખ ૨૫-૬-૧૪, બુધવારના રોજ નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો સવારના ૯-૦૦ કલાકથી બપોરના ૧૭-૦૦ કલાક સુધી બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીફ બદલ ક્ષમા કરશો.

**૧. સેક્ટર-૨બી સબસ્ટેશન**

સહી/-
ટોરેન્ટ પાવર લિમીટેડ

# ચોમાસું ભલે મોડું પડે, વરસાદ તો પૂરતો થશે જ

## હવામાન શાસ્ત્રી અંબારામ પટેલની આગાહી

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર સહિત સમગ્ર રાજયમાં હજુ સુધી મેઘરાજાની મહેર થાય તેવું જણાતું નથી, નગરજનો ગરમી અને ઉકળાટથી ત્રસ્ત છે અને ખેડૂતો ચિંતાતુર છે પણ વરસાદ જાણે હાથતાળી દઈ ગયો છે. આ સંજોગોમાં ગાંધીનગરના જાણીતા હવમાન શાસ્ત્રી અંબાલાલ પટેલે તા. ૨૯મી જુન સુધીમાં વરસાદ થઈ જશે અને જુલાઈમાં સારો વરસાદ પડશે તેવી હૈયાધારણ બંધાવી છે.

તેમના કહેવા મુજબ સામાન્યતઃ ઘણી વખત કુદરતી રીતે હવામાનમાં ફેરફાર થતા હોય છે.બે થી અગિયાર વર્ષે આવા અસાધારણ ફેરફાર કયારેક ને કયારેક તો થતા જ હોય છે. આ વખતે અલનીનો પ્રવાહની અસર હોય તેમ જણાય છે. જેના લીધે ચોમાસુ ફંટાઈ ગયું હોય તેમ જણાય છે. કેરળ કાંઠે ચોમાસુ નિયમિત આવે અને હવાના દબાણો સાનુકુળ હોય તો વરસાદ સારો પડે છે. આ વખતે કેરળ કાંઠે પણ ચોમાસું નબળું પણ મોડું પહોંચવામાં છે. વળી આદ્રા નક્ષત્રમાં સુર્ય આવવા છતાં વરસાદની ગતિઓ પલાયન થાય છે. આદ્રામાં ભારે પવન ફુંકાવો ન જોઈએ જે પવન ફુંકાતા વરસાદી કાતરાને વિખેરી નાંખે છે આથી ચોમાસા અંગે જયાં સુધી પવન ફુંકાય ત્યાં સુધી કહેવું કઠિન છે.

વળી, વડને વડવાઈ ફુટવામાં છે પરંતુ હજુ ઈંડાળી કીડીઓ એક સ્થાનેથી બીજા સ્થાને જતી જોવા મળતી નથી, હવામાં વરસાદી સુંવાળ નથી. ઝાડ ઉપર લીંબોળીને લીંબોળી આવ્યા છતાં પુરી પકવ થઈ નથી, જમીન ઉપર ઢગલાબંધ પડતી જણાતી નથી. કેટલીક લીંબોળી અડધી સૂકી ઝાડ પર જોવા મળે છે. આંબાને કેરીની શાખ મોડી પડવામાં છે. ઝાડના પાન નિસ્તેજ જણાય છે. વળી પક્ષી, જીવજંતુ, સાગર, પર્વત તેમજ આકાશી સૂર્ય, ચંદ્ર વાદળો વિગેરેની સ્થિતિથી કુદરતી ફેરફારો જાણી શકાય છે. આકાશમાં હિમ ચાદર બનવાના લક્ષણો જોવા મળતા નથી. આ બધી અવરોધક બાબતો હોવાથી ચોમાસાના સંકેત દૂર નહીં, સદૂર લઈ જાય છે. આ અંગે ચંદ્રનું રોહિણી નક્ષત્ર જોતાં જેને કાળી રોહિણી ગણવામાં આવે છે તે વદ તેરસે છે. આથી વરસાદ અંગેના ચિહ્નો તા. ૨૯ જુન સુધીમાં થાય તેવી શકયતા રહે. દક્ષિણ ભારતમાં આગામી બે ત્રણ દિવસમાં ચોમાસું સક્રિય બને તેવું જણાય છે.

તા. ૨૯મી જુન સુધીમાં ચોમાસું સક્રિય થાય તે પહેલા છુટો છવાયો વરસાદ ગુજરાત સૌરાષ્ટ્રના દરિયા કાંઠે કે અંદરના ભાગમાં સ્થાનિક વહનથી થઈ શકે. જો વરસાદનું બીજ વિજ છે, જેઠ વદમાં વિજળી ગડગડાટ

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્ય સરકારે ગૌવંશ કાયદાનો કડક અમલ કરવો જોઈએ : શંકરસિંહ

ગાંધીનગર, તા. ૨૪

રાજ્યની ભાજપ સરકારે દારૂબંધી અને ગૌવંશ હત્યા સંબંધીના કાયદાનો કડક અમલ કરવો જોઈએ. કાયદો અને વ્યવસ્થાની કથળેલી સ્થિતિ સરકાર સમયસર કાબુમાં નહીં લે તો પ્રજાએ કાયદો હાથમાં લેવાની ફરજ પડશે તેવી ચિમકી વિપક્ષના નેતાએ ઉચ્ચારી છે.

વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ આજે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે ગુજરાતમાં ગૌ હત્યાનું પ્રમાણ દિન-પ્રતિદિન વધી રહ્યું છે, એટલું જ નહિ પાલિતાણા એ જૈન સમુદાયનું પવિત્ર યાત્રાધામ છે. યાત્રાધામ પાલિતાણામાં રસ્તા ઉપર ખુલ્લેઆમ મટનની દુકાનો આવેલી છે. તેમજ ગાયોની કતલ થઈ રહી છે. તેને રોકવા જૈન સમાજના મહારાજશ્રીઓ સાધ્વીજીઓને ઉપવાસ પર બેસવાની ફરજ પડે એ ગુજરાતની ભાજપ સરકાર માટે અત્યંત શરમની વાત છે. સમગ્ર ગુજરાતમાં છાશવારે ગૌમાંસ ભરેલી ટ્રકો અને ખાનગી વાહનો પકડાય છે ત્યારે સરકારે કડક પગલા ભરવા જોઈએ.

વિપક્ષી નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે ગાયોની કતલ ન રોકી શકનાર ભાજપ સરકારની નિષ્ફળતા સામે સરકારને ખોબલે મત આપનાર જૈન સમાજ આ પાપનો જાણે અજાણે ભાગીદાર તો નથી બની રહ્યો ને ? જૈન સમાજે હવે ભાજપ સરકારને લાવવામાં ભાગીદાર થવા માટે વિચારવાનો સમય આવી ગયો છે. ઉપવાસ પર બેસવાના બદલે આ મુદ્દાને જાહેરમાં લઈ જવો જોઈએ. જેથી પ્રજાના અને મુંગા પશુઓના આશીર્વાદ મળશે.

ગુજરાતમાં બીજો એક અતિ ગંભીર મુદ્દો દારૂનો છે. ગુજરાતમાં દારૂનો ખુલ્લેઆમ વેપાર થઈ રહ્યો હોવાનો આક્ષેપ કરતાં વિપક્ષી નેતાએ જણાવ્યું હતું કે ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં દારૂબંધી એ મશ્કરી સમાન બની ગઈ છે. ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં ખુલ્લેઆમ દારૂનું વેચાણ થઈ રહ્યું છે. દારૂના સેવનથી આજની યુવા પેઢી બરબાદીના રસ્તે જઈ રહી છે. જો રાજ્ય સરકાર દ્વારા દારૂબંદી અને ગૌવંશ હત્યાબંધીના કાયદાનો કડક અમલ નહી થાય અને કાયદો વ્યવસ્થાની કથળેલી સ્થિતિ સમયસર કાબુમાં નહીં લેવામાં આવે તો પ્રજાએ કાયદો હાથમાં લેવાની ફરજ પડશે તેવી ચિમકી પણ ઉચ્ચારી હતી.

SANGHI CEMENT
KisaN
ashirvad
C. PVC, UPVC
BENELAVE BATH FITTINGS
DR.FIXIT FOR HEALTHY CONSTRUCTION
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Y.A. MANSURI
M. : 9824049503
SANJAY S. SHAH
P. Manubhai Medical
Since 1986
अभय
Government Approved Contractor
• Corporate Gathering • Celebrations • Exhibitions
• Marriage • Reception • Parties • Seminars
ABHAY DECORATORS FEEL FREE, BE FEARLESS
CORRESPONDENCE OFFICE
Plot No. E-192, 193, 194,
B/h. Videocon Factory, Electronics Estate,
GIDC, Sector-26, Gandhinagar.
Ph. : 079-232 87368, Fax : 079-232 87292
REGD. OFFICE : B-203, Aman Flats, Opp. B.J.P. Office, J.P. Chowk, Khanpur, Ahmedabad. Ph. : 079-25503943
email : info@abhaydecorators.com, www.abhaydecorators.com

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable!
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

આપના અવસરને ઉત્સવ બનાવો...
અમારે સંગ આપ આપની ઉજવણીને જીવનભર સાચવી શકશો
લગ્ન પ્રસંગ
રીસેપ્શન
સંગીત સંધ્યા
બર્થ-ડે પાર્ટી
એડ-ફિલ્મ
ડોક્યુમેન્ટરી ફિલ્મ
Videography & Photography
મો. ૯૮૨૪૮ ૨૮૧૬૯
Web Designing
Live Video Coverage
vivify
Vision Video Films Production
C-202, 2nd Floor, Swagat Rain Forest-III, KH-Road, Hadmatiya, Gandhinagar.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com